ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૦.૪ ડીગ્રી
લઘુતમ : ૨૬.૬ ડીગ્રી
ભેજ
સવારે ૮૯ ટકા ● સાંજે ૯૨ ટકા

ગાંધીનગર તાપમાન

આજે ભડલી નોમ: ગુપ્ત નવરાત્રિનો છેલ્લો દિવસ

અષાઢ શુક્લ નવમીને ભડલી નોમ કહેવાય:અખાત્રીજ અને વસંત પંચમીની જેમ જ આ તિથિ પણ વણજોયું મુહૂર્ત

ભડલી નોમ એટલે અષાઢ માસની ગુપ્ત નવરાત્રિનો નવમો દિવસ, ગુપ્ત નવરાત્રિનો છેલ્લો દિવસ. શાસ્ત્રોમાં આ તિથિનું ખૂબ જ મહત્વ વર્ણવાયું છે. આ દિવસે કોઈ પણ શુભકાર્ય મુહૂર્ત જોયા વિના કરી શકાય છે. આ દિવસે કરવામાં આવતા લગ્ન પણ ખૂબ જ માંગલિક રહે છે. અખાત્રીજ અને વસંત પંચમી, વિજયા દશમીની જેમ જ આ તિથિ પણ વણજોયું મુહૂર્ત મનાય છે. આ દિવસે વિવાહ જેવા શુભ કાર્યો કરવામાં આવે છે, જેના માટે કોઈ જ મૂહુર્ત જોવાની જરૂર નથી પડતી.

અષાઢ મહિનાની ગુપ્ત નવરાત્રી ૨૭ જૂન (મંગળવાર) ના રોજ સમાપ્ત થશે. અષાઢ શુક્લ નવમીને ભડલી નોમ કહેવાય છે. આ તિથિને વણજોયું મુહૂર્ત માનવામાં આવે છે, એટલા માટે આ દિવસે લગ્ન, મુંડન, ગૃહ પ્રવેશ, ભૂમિપૂજન જેવા શુભ કાર્યો મુહૂર્ત કરી શકાય છે. બે દિવસ પછી એટલે કે ૨૯ જૂને દેવશયની એકાદશી છે. માન્યતા અનુસાર પ્રભુ નિંદ્રાધીન હોઈ આવતા ૪ મહિનાઓ સુધી ભગવાન વિષ્ણુના શુભ આશિષ પણ પ્રાપ્ત નથી કરી શકાતા અને એટલે જ ભડલી નોમ શુભ તિથિ હોઈ આ દિવસે માંગલિક કાર્યો યોજી ભક્તો ભગવાનની કૃપાને પ્રાપ્ત કરવા આતુર રહેતા હોય છે.

ઉત્તર ભારતમાં આ તિથીનું ખૂબ જ મહત્વ છે. ત્યાં આ તિથીને લગ્ન કરવા માટેનું શ્રેષ્ઠ મૂહુર્ત માનવામાં આવે છે. આ દિવસને લગ્ન કરવા માટેનો છેલ્લો દિવસ ગણવામાં આવે છે. કારણ કે, આ તિથિના બે દિવસ બાદ દેવપોઢી એકાદશી આવે છે અને ભગવાન વિષ્ણુ ચાર માસ માટે નિંદ્રામાં જતા રહે છે. એટલે કે, ચાર મહિના માટે કોઈ પણ પ્રકારના શુભ કાર્યો કરી શકાતા નથી.

અષાઢ મહિનામાં સૂર્યની ઉપાસના સાથે ભગવાન વિષ્ણુની પૂજા કરવાનો નિયમ છે. આ તિથિએ ભગવાન વિષ્ણુના વામન અવતારની પૂજા કરવામાં આવે છે. આ તિથિએ સૂર્યોદય પહેલાં જાગીને ઉગતા સૂર્યને અર્ઘ્ય ચઢાવવામાં આવે છે. અર્ઘ્ય અર્પણ કરતી વખતે ૐ ધરિણી સૂર્યાય નમઃ મંત્રનો જાપ કરવો જોઈએ. ભડલી નોમનું મહત્ત્વ અનેકગણું છે. આ દિવસે કરવામાં આવેલ પૂજા-કર્મ અને દાન-પુણ્ય અક્ષય પુણ્ય આપે છે. અક્ષય પુણ્ય એટલે એવું પુણ્ય જેની શુભ અસર જીવનભર રહે છે. ભડલી નવમી પર ગુપ્ત નવરાત્રિ સમાપ્ત થાય છે, જેના કારણે દેવી દુર્ગાના વિવિધ સ્વરૂપોની પૂજા કરવી જોઈએ.

દેવશયની એકાદશીથી ચાતુર્માસનો પ્રારંભ

દેવશયની એકાદશી ૨૯ જૂને છે અને આ દિવસથી ચાતુર્માસ શરૂ થશે. આ વર્ષે અધિક શ્રાવણ હોવાને કારણે ચાતુર્માસ પાંચ મહિનાનો રહેશે. ચાતુર્માસમાં લગ્ન, ગૃહ પ્રવેશ, મુંડન જેવા શુભ કાર્યો માટે કોઈ શુભ સમય નથી. આ દિવસોમાં પૂજા કરવી જોઈએ. તમારા પ્રમુખ દેવતાના મંત્રોનો જાપ કરો. વિષ્ણુજી, શિવજી, શ્રી કૃષ્ણ વગેરે ભગવાનના ગ્રંથોનો પાઠ કરો.

જન્મદિને વધામણી

અર્શ આસીફ શેખ
મો. ૭૩૫૯૩ ૮૩૬૫૪

વિરપાલસિંહ વનરાજસિંહ રાણા
મો. ૮૯૮૦૭ ૫૧૫૩૦



ફારૂક બ્લોચ
મો. ૯૮૨૪૫ ૨૭૭૭૩

મોક્ષ દત્તેષભાઈ ભટ્ટ
મો. ૭૫૭૨૮ ૫૨૮૨૭

વેન્શી રાકેશભાઈ પારેખ
મો. ૯૦૯૯૨ ૮૨૫૫૬

ગાંધીનગર શહેર વસાહત મહાસંઘના સભ્યોએ ટ્રાફિક નियमन અંતર્ગત સેમિનારનો લાભ લીધો



ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા મહાનગર પાલિકાની કચેરી ખાતે આઈ ટી વિભાગ દ્વારા ગાંધીનગર સ્માર્ટ સિટી તરફ આગળ વધી રહી છે અને સ્માર્ટ સિટી ડેવલપમેન્ટ તરફથી તમામ વિભાગો શહેરના વિસ્તાર ના સી સી કેમેરા સાથે ઈલેક્ટ્રોનિક માધ્યમથી શહેરના સર્કલો, અંડરબ્રીજ, મુખ્ય માર્ગો તથા મહાનગર પાલિકા દ્વારા હાથ ધરવામાં આવેલા પ્રોજેક્ટમાં તમામ ડેટા તૈયાર કરી મહાનગર પાલિકાની કચેરીમાંથી સ્થળ પરથી ગતિવિધિઓ નિહાળી નોંધ લઈ કાર્યવાહી હાથ ધરવા જે-તે વિભાગમાં મોકલી શકાય. આ સમગ્ર માહિતીની સંપૂર્ણ જાણકારી માટે ગાંધીનગર શહેર વસાહત મહાસંઘના પદાધિકારીઓ તથા શહેરના પ્રબુદ્ધ નાગરિકોનો એક સેમિનારનું આયોજન મહાનગર પાલિકા દ્વારા કરવામાં આવ્યું હતું. શહેરના તમામ વિસ્તારમાં ચાલતા પ્રોજેક્ટોની તથા શહેરના સર્કલો પર સિગ્નલ ટ્રાફિક નિયમન અંગેની પ્રત્યક્ષ ડેમો સાથે વિગતોની માહિતી બતાવવામાં આવી હતી. શહેરના નાગરિકોના સહયોગથી સ્માર્ટ સિટી તરફ ખુબ વિકાસ સાથે ટુક સમયમાં નિહાળી શકાશે. આ કાર્યક્રમમા ગાંધીનગર મહાનગર પાલિકાના નાયબ કમિશનર કેયુર જેઠવા, સિટી ઈજનેર ભરતભાઈ પંડ્યા, આઈ ટી અધિકારીઓ, કર્મચારીઓ અને ગાંધીનગર શહેર વસાહત મહાસંઘના પ્રમુખ કેશરીસિહ બિહોલા, પોપટલાલ પ્રજાપતિ, સી કે સોની, જે વી પટેલ, જશવંતસિંહ રાઠોડ, સુરેન્દ્ર સિહ વાઘેલા, પી વી જેઠવા, મુળસિહ ચાવડા, વિનોદભાઈ ભટ્ટ, વાસુદેવભાઈ સુથાર, રસિકભાઈ ગજજર વગેરે શહેરના મહાનુભાવો એ હાજર રહી જાણકારી મેળવી વધુ જાણકારી માટે પ્રશ્નોત્તરી કરવામાં આવી હતી. પાલિકાના અધિકારીઓ દ્વારા શહેરના વિકાસ અને સ્માર્ટસિટી તરફ આગળ વધવા એકત્રિત કરેલી માહિતી નિહાળી તેઓની કરેલ કામગીરી બિરદાવી શહેરના નાગરિકો તરફથી પુરા સહયોગની ખાત્રી આપી હતી.

બીબીએ કોલેજ દ્વારા ઉધોગ સાહસિકતામાં આવતા અવરોધો સંદર્ભનો વર્કશોપ યોજાયો

યુવા ઉધોગ સાહસિક કોલેજના એલ્યુમીની ચિરાગ પટેલ દ્વારા ઉપયોગી માર્ગદર્શન

ગાંધીનગર, તા.૨૬

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ગાંધીનગરની કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન બીબીએ કોલેજ વર્ષ પર્યંત વિદ્યર્થીઓના સર્વાંગીવિકાસ માટે સાતત્યપૂર્ણ અનેકવિધ પ્રવૃતિ યોજાય છે જેના ભાગરૂપે ઉપરોક્ત વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. કોલેજના આચાર્યશ્રી ડો.રમાકાંત પૃષ્ટિ સાહેબ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા તેઓશ્રીએ વર્ષપર્યંત સતત ટ્રેનીંગનું કાર્ય ઉત્સાહ સાથે ચાલે તે માટે ઈજન પૂરું પાડ્યું હતું અને વિદ્યાર્થીઓને મહેનત કરવા અને તમામ પ્રવૃતિઓમાં ભાગ લેવા જણાવ્યુ હતું સમગ્ર વર્કશોપનું સંકલન ઉપાચાર્ય ડો.જયેશ તન્ના દ્વારા કરવામાં આવ્યું હતું તેઓશ્રી વિદ્યાર્થીઓને આગામી પ્રવૃત્તિઓ માટે સજ્જ કર્યા હતા. . હેપ્પી સોલાર પ્રા.લી.ના ઓનર શ્રી ચિરાગ પટેલને તજજ્ઞ વક્તા તરીકે આમંત્રિત કર્યા હતા. તેઓએ વ્યવસાય ક્ષેત્રે આવતા વિવિધ સામાજિક, વ્યક્તિગત, માર્કેટિંગ અને પ્રોડક્ટ બાબતના પ્રશ્નો વિષે ઊંડાણપૂર્વક માર્ગદર્શન આપ્યું હતું.

શરૂઆત સ્થાપના પહેલા લેવાતા નિર્ણય અને ભવિષ્યના પડકારો તેની સામેની વૈકલ્પિક વ્યવસ્થા વગેરેના પ્રશ્નો અને તેના જવાબ પણ વિદ્યાર્થી જાતે મેળવે તેવા પ્રયત્ન કર્યા હતા ઉધોગસાહસિકો માટે તકો બાબતે વિગતવાર પ્રશ્ન જવાબનું સત્ર રહ્યું હતું જેમાં તેઓએ ઉપયોગી દ્રષ્ટાંતો તેમજ તેમના વ્યક્તિગત અનુભવોની વાત રજૂ કરી હતી. કાર્યક્રમની સાથે સાથે જુદાજુદા વિષય પર કોલેજના ૧૬ વિદ્યાર્થીઓએ તજજ્ઞને વિવિધ ક્ષેત્રો બાબતે પ્રશ્નોત્તરી કરી હતી.આજના કાર્યક્રમમાં કુલ ૨૮૫ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. વિદ્યાર્થીઓએ તેમના અભિપ્રાયમાં જણાવ્યુ હતું કે આવા વર્કશોપથી તેમની કારકિર્દીના ઘડતર માટે ખૂબ ઉપયોગી માહિતી મળી હતી. કાર્યક્રમમાં સાંપ્રત સમયમાં વિદ્યાર્થીઓને કારકિર્દીમાં પોતાના વ્યાવસાયિક એકમ ખોલવા માટે યોગ્ય વિકલ્પ મળેતે માટે ઉપયોગી સૂચનો કર્યા હતા આચાર્ય ડો.રમાકાન્ત પૃષ્ટિનાં માર્ગદર્શન હેઠળ ઉપાચાર્ય તેમજ ટ્રેનીંગ અને પ્લેસમેંટ કમિટીના હેડ ડૉ.જયેશ તન્ના, ડો.આશિષ ભૂવા સહિત કોલેજ પરિવાર દ્વારા સફળતાપુર્વક પૂર્ણ કરવામાં આવ્યુ હતુ.

સિસ્ટર દિવસની ઉજવણીના ભાગરૂપે મહેંદી સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૨૬

તાજેતરમાં સિસ્ટર દિવસની ઉજવણીના ભાગરૂપે પ્રયોશા મહિલા વિકાસ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ - લક્ષ્મી જોશી અને મિલાપ ટાટારિઆ ટાઇગર દ્વારા આયોજિત સેક્ટર ૧૩/એ ખાતે મહેંદી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં અમદાવાદ, કલોલ, વાસણા, ચાંદખેડા, છાલા ગામ અને ગાંધીનગર સહિતના બહેનો-દિકરીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં બહેનો-દિકરીઓએ ખૂબ સરસ મહેંદી મુકી પોતાની કલાનું પ્રદર્શન કર્યું હતું. સ્પર્ધામાં ગાંધીનગર મહાનગરપાલિકા ના કોર્પોરેટર સોનાલીબેન પટેલ વિશેષ ઉપસ્થિત રહી એમના વરદહસ્તે ભાગ લેનાર દરેક બહેનો-દિકરીઓને સર્ટિફિકેટ અને ટ્રોફી આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. સ્પર્ધાના આયોજકોએ દરેક સ્પર્ધકોને અનેક શુભેચ્છાઓ પાઠવી હતી.



ડિરેક્ટરેટ ઓફ આર્કીયોલોજી ઓફ ડિપાર્ટમેન્ટ અને ગુજરાત રાજ્ય યોગ બોર્ડના સહયોગથી નવમા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ડાયરેક્ટર પંકજ શર્મા, ક્યુરેટર વિજય પટેલ, મેનેજર વનરાજ સિંહ તથા ડિપાર્ટમેન્ટના કર્મચારી ગણ અને નગરના નાગરિકોએ ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ગૂજરાત રાજ્ય યોગ બોર્ડના સિનિયર યોગ કોચ પારૂલ મહેતા એ કર્યું હતું. તેમની સાથે ટ્રેનર્સ હેતલ ભટ્ટી, પારૂલ પટેલ તેમજ સંધ્યા દવેએ સહયોગ કરીને યોગ કર્મશું કૌશલમૂનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ રાજ્યકક્ષા દ્વારા સુનિલભાઈ ત્રિવેદીને ગૌરવ પુરસ્કાર

ગાંધીનગર, તા.૨૬

આણંદ જિલ્લાના કરમસદ ખાતે સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ રાજ્યકક્ષાની વાર્ષિક સભાનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં બ્રહ્મસમાજ માટે વર્ષભર શ્રેષ્ઠ કામગીરી કરવા બદલ કાર્યશીલ, કર્તવ્ય પરાયણ, સમાજસેવી એવા સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ રાજ્યકક્ષા ગાંધીનગર શહેર/જિલ્લા પ્રમુખ સુનિલભાઈ ત્રિવેદીને "બ્રહ્મગૌરવ એવોર્ડ" આપી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ રાજ્યકક્ષાના સંગઠક ડૉ. અશ્વિનભાઈ ત્રિવેદી દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સન્માન સુનિલ ભાઈએ ગાંધીનગરના બ્રહ્મપરિવારો ને અર્પણ કર્યું હતું. આ પ્રસંગે ગુજરાત પ્રદેશ બ્રહ્મસમાજ રાજ્યકક્ષાના પ્રમુખ ભરતભાઈ રાવલ, મહામંત્રી શ્રી અમિતભાઈ દવે, યજ્ઞેશભાઈ દવે, જહાનવીબેન વ્યાસ, અશ્વિનભાઈ ત્રિવેદી, દિનેશભાઈ રાવલ, ગાંધીનગર થી મહામંત્રી મનોજભાઈ જોષી, યુવા પ્રમુખ જીગ્નેશભાઈ રાવલ, પ્રમોદભાઈ દવે તથા સમગ્ર ગુજરાતના જીલ્લાઓમાંથી બ્રહ્મસમાજના આગેવાનો તથા કાર્યકર્તા મિત્રો ઉપસ્થિત રહ્યા હતા.

સિનિયર સીટીઝન્સ કાઉન્સીલની ૩૦મીએ માસિક બેઠક

ગાંધીનગર, તા. ૨૬

સિનિયર સીટીઝન્સ કાઉન્સિલ ગાંધીનગરની તા. ૩૦-૬-૨૩ શુક્રવાર, ૫ વાગે શ્રી સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજ વાડી, સેક્ટર-૭ ખાતે મળશે. મીટીંગ બાદ ફિલ્મી પ્રશ્નોત્તરીનો આનંદદાયક કાર્યક્રમ રાખેલ છે. તો સર્વે સભ્યોએ મોટી સંખ્યામાં સમયસર પધારવા વિનંતી છે.

સે-૩૦ સાંઈબાબા મંદિરમાં ગુરુપુર્ણિમા મહોત્સવનું આયોજન

ગાંધીનગર, તા. ૨૬

શ્રી ઝુલેલાલ સાંઈબાબા મદિરમાં ૧૨માં ગુરુપૂર્ણિમા મહોત્સવની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. તા.૩ જુલાઈ સોમવારે સે-૩૦માં મુખ્ય અતિથિ રીટાબેન પટેલ ધારાસભ્યની ઉપસ્થિતિમાં ગુરુપુર્ણિમા મહોત્સવ ઉજવાશે.

એસ.કે. પટેલ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં wrapping activity કરવામાં આવી જેમાં શિક્ષિકાઓએ નોટબુક ઉપર કવર કેવી રીતે લગાવવું તેમજ ગિફ્ટ કેવી રીતે પેક કરવી વગેરે એક્ટિવિટી કરાવી હતી. જેમાં બાળકોને ખૂબ મજા આવી હતી.

એસ. વી. શાળામાં પ્રથમ વાલીમીટિંગ યોજાઈ

ગાંધીનગર, તા.૨૬

શહેરની પ્રતિષ્ઠિત સંસ્થા સર્વ વિધાલય કેળવણી મંડળ,ગાંધીનગર સંચાલિત એસ.વી.ઈંગ્લિશ મીડિયમ પ્રી-સ્કૂલમાં પ્રથમ વાલીમીટિંગ યોજાઈ ગઈ. શિક્ષિકાઓએ વાલીમિત્રોને સર્વ વિધાલય કેળવણી મંડળ સંસ્થા અને શાળા વિષે, શાળાની શિક્ષણ પ્રણાલી વિષે, શાળાની અન્ય પ્રવૃત્તિઓ વિષે તથા બાળકોના સર્વાંગી વિકાસ માટે શાળા દ્વારા કરવામાં આવતા અવનવા કાર્યક્રમો વિષે માહિતગાર કર્યા હતા. આ ઉપરાંત, બાળકોના જીવન ઘડતરમાં પાયારૂપ અન્ય બાબતોનું માર્ગદર્શન પણ પૂરું પાડ્યું હતું. વાલીમિત્રોએ પણ શાળાના રમણીય અને શિખ્તબદ્ધ વાતાવરણ, સ્વછતા, શિક્ષિકાઓ દ્વારા લેવામાં આવતી અંગત કાળજી તથા શાળાના મેનેજમેંટ પ્રતિ સંતોષની લાગણી વ્યક્ત કરી હતી.

સેક્ટર ૩૦ સરકારી પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓની આરોગ્ય ચકાસણી

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર શહેર વિસ્તારની સરકારી પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓની આરોગ્ય ચકાસણી કરવામાં આવી વિદ્યાર્થીઓને જરૂરિયાત મુજબ સૂચન પણ આપવામાં આવ્યો હતો. પહેલું સુખ તે જાતે નર્યા તેમ એમને સમજાવવામાં આવ્યું પોતાના શરીરની આરોગ્ય અને તંદુરસ્તીની જાળવણી માટે સમજ આપવામાં આવી હતી.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ.મહેક ભરતકુમાર ભગવતદાન** ઉ.વ.૬૮, સરગાસણ
- **સ્વ.દોશી ગુણવંતીબેન યશવંતલાલ** ઉ.વ.૭૫, ગાંધીનગર
- **સ્વ.લુહાર અમૃતાબેન બાચુભાઈ** ઉ.વ.૫૯, પીપલજ